**અમદાવાદ (ગ્રામ્ય)ના મે. એડી. જ્યુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. નવરંગપુરા, અમદાવાદ.**

**ક્રિ.કે.નં. 23118/2025**

**આંક–**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : મનુભાઈ રવજીભાઈ ચુનારા**

**ગુનો:– જી.પી.એક્ટ કલમ–૧૩૫**

**<u>ચુ કા દો</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે જી.પી. એક્ટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આજ રોજ ના નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે.સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપતા આરોપી પ્રથમ તબકકે ગુન્હા અંગે ગુનો કબુલ કરેલ છે અને ગુન્હા કબુલાત પુરસીસ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

૩. આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે આરોપીએ જાણીબુજીને ગુન્હો કરેલ ન હોઈ, સદર ગુનો તેમનો પ્રથમ ગુન્હો છે, ઘરની તમામ જવાબદારી તેમના શીરે છે તેમજ ઘરના કમાવનાર એકમાત્ર વ્યકિત છે તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ તેમને થાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૫ અન્વયે જી.પી.એક્ટ કલમ– ૧૩૫ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. **૧૦૦/– અંકે રૂપીયા સો પુરા** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન: ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૨/૦૭/૨૦૨૫
અમદાવાદ(ગ્રામ્ય)

**(એમ.ડી.વીરાણી)**
એડી.સીવીલ જજ
અને જ્યુ.મેજી.ફ.ક,
અમદાવાદ (ગ્રામ્ય)

UIC No.GJ01362